# જ્યોતિરાદિત્ય ભાજપમાં જોડાયા

**ભાજપ અધ્યક્ષ નડ્ડાની ઉપસ્થિતિમાં જ્યોતિરાદિત્ય ભગવા પાર્ટીમાં સામેલ થયા : સમગ્ર સિંધિયા પરિવાર ભાજપ છાવણીમાં : ભાજપની સ્થિતિ મજબૂત**




ભોપાલ, તા. ૧૧

કોંગ્રેસને ભોપાલથી લઈને દિલ્હી સુધી હચમચાવી મુકનાર જ્યોતિરાદિત્ય સિંધિયાએ આખરે કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં સામેલ થવાનો નિર્ણય કરી લીધો છે. આજે બપોરે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાની ઉપસ્થિતિમાં જ્યોતિરાદિત્ય સિંધિયા ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા હતા. નડ્ડાએ સિંધિયાનું પાર્ટીમાં સ્વાગત કર્યું હતું અને તેમના દાદી રાજમાતા વિજયરાજે સિંધિયાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સિંધિયાની ભાજપમાં એન્ટ્રી એક પરિવારના સભ્યોની જેમ રહી હતી કારણ કે તેમના દાદીએ જનસંઘના સમયથ ભાજપમાં યોગદાન આપ્યું છે. સમગ્ર સિંધિયા પરિવાર ભાજપમાં જ્યોતિરાદિત્યની એન્ટ્રીથી હવે એક રીતે પૂર્ણ સિંધિત્યા પરિવાર ભાજપની છાવણીમાં છે. તેમના દાદી સ્વ.વિજયરાજે સિંધિયા આ પાર્ટીમાં હતા. યશોધરારાજે સિંધિયા આ પાર્ટીમાં હતા. સિંધિયાના અન્ય એક ફોઈ વસુંધરારેજ પણ ભાજપના નેતા છે અને તેઓ રાજસ્થાનના મુખ્યમંત્રી રહી ચુકયા છે. સિંધિયાના પિતા માધવરાવ સિંધિયા પણ પોતાની રાજકીય કેરિયરની શરૂઆતમાં ૧૯૬રીતે પૂર્ણ

## રાજ્યસભાની ટિકિટ મળી

સિંધિત્યા પરિવાર ભાજપની છાવણીમાં છે. તેમના દાદી સ્વ.વિજયરાજે સિંધિયા આ પર્ટીમાં હત. સિંધિયાના ૧૯૭૧માં જનસંઘના સાંસદ તરીકે રહ્યા હતા. મોડેથી તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. મંગળવારના દિવસે જ્યારે દેશમાં હોળીની ઉજવણી થઈ રહી હતી ત્યારે સિંધિયાએ ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહ સથે વાતચીત કરી હતી. તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમન ૭,લોકકલ્યાણ માર્ગ સ્થિત આવાસ પર મુલાકાત કરી હતી. ત્યારબાદ સિંધિયાએ રાજીનામું આપવાની જાહેરાત કરી હતી.

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને ૯મી માર્ચના દિવસે લખેલા પત્રમાં સિંધિયએ કહ્યું હતું કે તેમન માટે આગળ વધવાનો સમય આવી ગયો છે કારણ કે આ પાર્ટીમાં રહીને હવે દેશના લોકોની સેવા કરવામાં સક્ષમ દેખાઈ રહ્યા નથી. કોંગ્રેસના મહાસચિવ અને અગાઉના ગ્વાલિયર રાજા પરિવારના વંશજ જ્યોતિરાદિત્ય સિંધિયાના આ પગલાથી કોંગ્રેસ પાર્ટીમાં હાહાકાર મચી ગયો છે. કોંગ્રેસ પાર્ટીએ તેમને પાર્ટી વિરોધી ગતિવિધિને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. મધ્યપ્રદેશ કોંગ્રેસમાં કોઈ સમયે ખૂબ જ લોકપ્રિય નેતા તરીકે રહેલા સિંધિયા અને મુખ્યમંત્રી કમલનાથ વચ્ચે લાંબા સમયથી ખેંચતાણ ચાલી રહી હતી.

૨૦૧૮માં મધ્યપ્રદેશ વિધાનસભા ચુંટણી બાદ કોંગ્રેસે કમલનાથને મુખ્યમંત્રી બનાવ્યા હતા. જોકે સમસ્યા હાલમાં શરૂ થઈ હતી જ્યારે સરકારમાં સિંધિયાના સમર્થકોને અવગણના કરીને કોંગ્રેસના લોકો આગળ વધી રહ્યા હતા.

**મ.પ્રદેશમાં ધૂળેટીના દિવસે ખેલાયો રાજકીય હોળીનો જંગ, કોંગ્રેસનો ઉડ્યો રંગ : કુલ ૨૨ ધારાસભ્યોએ રાજીનામા આપતા ખળભળાટ, કોંગ્રેસનું સંખ્યાબળ ઘટીને ૮૮, નવા ગણિત મુજબ બહુમતના આંકડાથી ૧૬ બેઠકો દૂર, ભાજપ પાસે ૧૦૯થી વધુ ધારાસભ્યોનું સમર્થન : જ્યોતિરાદિત્યએ કોંગ્રેસને ભોપાલથી લઈ દિલ્હી સુધી હચમચાવી દીધી**



# ભારતમાં કોરોનાના વધુ ૧૮ કેસ

**કોરોનાના કુલ કેસની સંખ્યા ૬૨ થઇ : કેરળ, કર્ણાટક, પુણેમાં નવા કેસો નોંધાતા ચિંતામાં સતત વધારો થયો : કેરળમાં આઠ, મહારાષ્ટ્રમાં પાંચ અને કર્ણાટકમાં ચાર નવા કેસો સપાટી પર આવ્યા : ભારતમાં સાવચેતીના અભૂતપૂર્વ પગલા : કેરળમાં સૌથી વધુ કેસો**

નવી દિલ્હી, તા. ૧૧

કોરાના વાયરસના કારણે વિશ્વના દેશોમાં હાહાકારની સાથે સાથે ભારતમાં પણ કેસોની સંખ્યા હવે ઝડપથી વધવા લાગી ગઈ છે. એક દિવસમાં ૧૮ નવા કેસો નોંધાતા કેસોની સંખ્યા ઝડપથી વધીને હવને ૬૨ ઉપર પહોંચી ગઈ છે. કેરળમાં આઠ નવા પોઝિટીવ કેસ સપાટી પર આવ્યા છે. જ્યારે મહારાષ્ટ્રમાં પાચં અને કર્ણાટકમાં ચાર કેસ સપાટી પર આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં એક કેસ સપાટી પર આવ્યો છે. કેરળમાં કોરોના વાયરસના શંકાસ્પદ દદીનું મોત થયું હોવાના અહેવાલ આવ્યા છે પરંતુ આને સમર્થન મળી રહ્યું નથી. ભારતમાં મોટી સંખ્યામાં લોકોને હાલમાં નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. કેરળ સહિત સમગ્ર દેશમાં હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. આઠ નવા કેસો અહીં નોંધાયા છે. દેશમાં સૌથી પ્રભાવિત રાજ્યોમાં કેરળ પ્રથમ છે. અહીં કુલ કેસોની સંખ્યા ૧૪ ઉપર પહોંચી ગઈ છે. સરકાર દ્વારા કેટલાક પગલા લેવામાં આવી રહ્યા છે. જેમાં વાયરસના ફેલાવાને રોકવા માટે મહિનાના અંત સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને સિનેમા હોલને બંધ રાખવા સહિતના કેટલાક નિર્ણય કર્યા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે છતાં પણ ધીમીગતિએ કેસોમાં વધારો થયો છે. બીજી બાજુ કોરોના વાયરસને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલા અંગે કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધન દ્વારા માહિતી આપવામાં આવી છે. . હર્ષવર્ધને કહ્યું હતું કે, અન્ય દેશોમાંથી આવેલા નવ લાખથી આસપાસના લોકોની સ્ક્રિનિંગ કોરોના વાયરસના અનુસંધાનમાં કરવામાં આવી ચુકી છે. સરકારે હતી આપતા કહ્યું હતું કે, વિયેતનામમાં આઠ યુરોપિયન દેશોના નાગરિકો ઉપર વિઝા ફ્રી પ્રવાસ પર પ્રતિબંધ મુકી દીધો છે સરકાર દ્વારા જુદી જુદી હોસ્પિટલમાં તૈયારી રાખવા માટે પહેલાથી જ સૂચના આપી છે.

આઈશોલેશન વોર્ડ તૈયાર રાખવા માટે દિલ્હી સરકાર સાથે પણ વાતચીત થઈ છે. તબીબો, કોન્ટ્રાકટ ટ્રેસિંગ અને અન્ય તકેદારી પણ રાખવામાં આવી રહી છે. દિલ્હી સરકાર અનો ઉપરાજયપાલ દ્વારા તમામ સાવચેતી રાખવામાં આવી રહી છે.

દેશમાં હાલ ત્રણ હજાર જેટલા લોકો ચકાસણી હેઠળ છે. દિલ્હીમાં પરિસ્થિતિની સમીક્ષા સતત થઈ રહી છે. ચિંતા માટેની કોઇ સ્થિતિ નથી. છેલ્લા ત્રણ દિવસમાં ૩૧ નવી લેબ ઉભી કરવામાં આવી છે. ૫૬ લેબનો ઉપયોગ કલેકશન સેન્ટર તરીકે થઈ રહ્યો છે.

# મધ્યપ્રદેશમાં શિવરાજ સિંહ ચોથી વખત મુખ્યપ્રધાન બની શકે

**મધ્યપ્રદેશમાં જોરદાર રાજકીય ઘટનાક્રમનો દોર ભાજપ ફરી એકવખત શિવરાજ સિંહ પર દાવ લગાવશે**

ભોપાલ, તા. ૧૧

કર્ણાટક બાદ હવે મધ્યપ્રદેશમાં ઓપરેશન લોટસ સફળ થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જ્યોતિરાદિત્યના કોંગ્રેસમાંથી રાજીનામા બાદ શિવરાજ સિંહ ચૌહાણ ફરી એકવાર મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન બને તેવા સંકેત સ્પષ્ટરીતે દેખાઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી જો આવુ કરવામાં સફળ રહે છે તો મહારાષ્ટ્રના હિસાબને બરોબર કરી લેશે. જ્યોતિરાદિત્યના કોંગ્રેસમાંથી રાજીનામા બાદ મધ્યપ્રદેશમાં રાજકીય ગરમી વધી ગઈ છે. મામાના નામથી લોકપ્રિય શિવરાજ ફરી મુખ્યપ્રધાન બની શકે છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ પાર્ટીએ જોરદાર રમત રમીને એનસીપીની સાથે મળીને શિવસેનાને સાથ આપીને ભારતીય જનતા પાર્ટીને સત્તાની રેસમાંથી બહાર કરી દેવામાં ભૂમિકા અદા કરી હતી. હાલમાં મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપી અને શિવસેનાની ગઠબંધન સરકાર રહેલી છે. બીજી બાજુ સિંધિયાના ફટકા બાદ કોંગ્રેસ પાર્ટીમાં સોપો પડી ગયો છે. કોંગ્રેસના નેતાઓએ લાગે છે કે આવા સમયમાં જ્યારે તેઓ ભારતીય જનતા પાર્ટીને અર્થવ્યવસ્થા અને સીએએના મુદ્દાને લઈને ઘેરી રહ્યા હતા ત્યારે સિંધિયા અને ભારતીય જનતા પાર્ટી મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકારને ગબડાવી દેવાની ગણતરી કરી રહ્યા હતા. જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે જ્યોતિરાદિત્ય ભારતીય જનતા પાર્ટીમાં આવવાથી ગ્વાલિયર અને ચંબલ જેવા ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટીની સ્થિતી વધારે મજબુત બની શકે છે. આ એ વિસ્તાર છે જ્યાં ભગવા પાર્ટીએ વર્ષ ૨૦૧૮ની ચૂંટણીમાં નિરાશાજનક દેખાવ કર્યો હતો. ચંબલ એવા વિસ્તાર તરીકે છે જે વિસ્તારમાં સિંધિયા ગઢ ધરાવે છે.



# કોંગ્રેસના ધારાસભ્યો જયપુર અને ભાજપના હરિયાણા પહોંચ્યા

**કોંગ્રેસે ૮૦ ધારાસભ્યોને જયપુરના બ્યૂના વિસ્ટા હોટલમાં રાખ્યા ભાજપના તમામ ૧૦૬ ધારાસભ્યોને હરિયાણાના માનેસરમાં ખસેડાયા**

ન્યુ દિલ્હી,તા.૧૧

મધ્યપ્રદેશમાં રાજકિય કટોકટીમાં બે મુખ્ય પક્ષો સામસામે હોર્સ ટ્રેડીંગથી બચવા પોતપોતાની રાજકિય છાવણીઓ સંભાળી રહ્યાં છે. જેમાં બન્ને ભાજપ અને કોંગ્રસે પોતપોતાના ધારાસભ્યોને સહીસલામત રાખવા જ્યાં પોતાની સરકાર છે તે રાજયમાં ખસેડ્યા છે.

મધ્ય પ્રદેશમાં પોતાની સરકારનું રાજકિય સંકટ ટાળવા માટે કોંગ્રેસના પ્રયત્નો શરૂ થઈ ગયા છે. સીએમ હાઉસથી ૮૦ ધારાસભ્યો એરપોર્ટ માટે રવાના થઈ ગયા છે. કોંગ્રેસ સિવાય તેમાં ૪ અપક્ષ ધારાસભ્યો પણ સામેલ છે. દરેક ધારાસભ્યોને ખાસ વિમાનથી જયપુર લઈ જવામાં આવ્યાં હતા. જયપુર-રાજસ્થાનમાં કોંગ્રેસની અશોક ગેહલોતની સરકાર છે. આ ધારાસભ્યો માટે જયપુરના બ્યૂના વિસ્ટા હોટલમાં ૪૪ વિલા બુક કરવામાં આવ્યા છે. માનવામાં આવે છે કે, ધારાસભ્યોને જયપુરમાં ૩-૫ દિવસ રોકવામાં આવશે. વિધાનસભાનું સત્ર ૧૬મીથી શરૂ થવાનું છે. જેમાં રાજ્યસભાની ચૂંટણીઓ મહત્વની બની રહે તેમ છે. ઉપરાંત હવે તો ભાજપે સિંધિયાને મધ્ય પ્રદેશમાં રંગોત્સવ હોળી-ધૂળેટીના દિવસે જ કોંગ્રેસ ધારાસભ્યોના એક પછી એક રાજીનામા આપતાં કમલનાથ સરકાર રાજકિય સંકટમાં મૂકાઇ ગઈ હતી.

# સેંસેક્સમાં ૬૨ પોઈન્ટનો સુધારો

મુંબઇ,તા. ૧૧

ઈક્વિટી માર્કેટમાં આજે દબાણની સ્થિતિ રહી હતી. જોકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેંક અને એચડીએફસી જેવા હેવીવેઈટ ઈન્ડેક્સમાં લેવાલી જામી હતી. જેના લીધે શેરબજારમાં અંતે સુધાર થયો હતો. કારોબારના અંતે સેન્સેક્સ ૬૨ પોઈન્ટ ઉછળીને ૩૫૬૯૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી સાત પોઈન્ટ ઉછળીને ૧૦૪૫૮ની સપાટીએ રહ્યો હતો. હીરો મોટોના શેરમાં સૌથી વધુ ચાર ટકાનો ઉછાળો રહ્યો હતો. ટાટા સ્ટીલમાં સૌથી વધુ સાત ટકાનો ઘટાડો રહ્યો હતો. ૩૦ શેર પૈકી ૧૩ શેરમાં તેજી અને બાકીના ૧૭ શેરમાં મંદી રહી હતી.

**મનના ઉમંગો** ● ચોથા પાનાનું ચાલુ

કહો તો કેમ પાગલ વાયરો સાથે જ રાખો છો ?

પ્રેમીકા ફૂલ સ્વીકારે ના સ્વીકારે પણ પ્રેમી નિરાશ થતો નથી. એ કાયમ બાગમાં જઈને તાજાંતાજાં ફૂલ ચૂંટે છે, શબરીએ જેમ રામ માટે મીઠાં મીઠાં બોર એકઠાં કર્યા હતાં એમ એમણેય સૂંઘી સૂંઘીને વધારે મહેંકવાળા ફૂલ એકત્ર કર્યા હશે . પણ ફૂલ સ્વીકારનારી કે તરછોડનારી ગામ જ છોડીને જતી રહે તો કવિ શું કહે ?

થયાં છે જેટલાં વરસો તમારે ગામ છોડ્યાને,
થયાં છે એટલાં વરસો અમારે ફૂલ તોડ્યાને !

મહાન અદાકાર રાજકપુરનું પહેલું ચલચિત્ર હતું, ''આગ'' . એની જાહેરાતમાં આવતું હતું કે ''ફૂલોથી દાઝેલા યુવાનની વાત.'' શ્રી કિશોરભાઈએ આવા મતલબનો જ એક શેર લખ્યો છે. જો કે એમાં દાઝવાની વાત નથી, વાગવાની વાત છે.

ક્યાંય ટકરાયો નથી હું પથ્થરોથી,
ફૂલ વાગ્યું ને ચડી છે કળ, કહું છું.

શ્રી કિશોરભાઈએ ફૂલો પર અગણિત શેર લખ્યા છે. બધાની વાત કરવા માટે આ કોલમની જગ્યા ઓછી પડે. એટલે બીજી વાતો પછી ક્યારેક કરીશું.ત્યાં સુધી આવજો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાવન સ્મરણ



સ્વર્ગવાસ ફાગણ વદ-૩ સંવત ૨૦૫૭

जातस्य ही ध्रुवो मृत्यु - ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(શ્રીમદ્ ભગવદ્ ગીતા - ૨-૨૭)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

ઓગણીસમી પુણ્યતિથિએ
પૂજ્ય શારદાબાને
શત્ શત્ પ્રણામ

● કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના ●
● જાગૃતિ - બિપીનકુમાર ● ચારૂ - દર્શનકુમાર ●
● ચિન્મય - વૈભવી ●
● પ્રાર્થના - અનિષ ● લજ્જા - વત્સલ ● વિધી - યશ ●
● શુભાંગ ● કૃપાંશી ● યશસ્વી ●